સલામ...સલામ...

# મહેસાણાનો દક્ષ ભાટીયા જીંદગીનો જંગ હાર્યો : લીવર-કીડનીનું દાન આપી અન્ય બે દર્દીઓને નવી જીંદગી આપી

### ભાટીયા પરીવારના અંગદાનની ઉત્તર ગુજરાતની પ્રજાએ નોંધ લીધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

મહેસાણા નો દક્ષ ભાટીયા ગંભીર અકસ્માતમાં કોમામાં સરી પડ્યો, ડૉક્ટરો દ્વારા બ્રેઈન ડેડ જાહેર કરાતાં માતા-પિતાએ પુત્રના કીડની અને લીવર દાનમાં આપી અન્ય દર્દીઓને નવી જીંદગી આપવાનો નિર્ણય લેતાં ભાટીયા પરીવારના અંગદાનની ઉત્તર ગુજરાતની પ્રજાએ નોંધ લીધી છે. દક્ષ ભાટીયા ભલે જીંદગી સામેનો જંગ હાર્યો પરંતુ તેના અંગોનું જે પણ દર્દીઓમાં પ્રત્યારોપણ થશે તેના કારણે દક્ષ ભાટીયાની પરોક્ષ હાજરી માતા-પિતાને અહેસાસ થશે. રાજ્યમાં દુર્ઘટનાઓમાં અનેક લોકોના મોત નીપજી રહ્યા છે ત્યારે હવે પ્રજા અને પરિવારે જાગ્રત થઈ જીવન અને મૃત્યુ કડવું સત્ય છે તે સ્વીકારી અન્ય કોઈ દર્દીઓના અંગદાનથી જીવ બચતાં હોય તો રક્તદાન મહાદાનની જેમ અંગદાન કરી અન્યની જીંદગી બચાવી લઈએ. મહેસાણામાં રહેતા સમીરભાઈ ભાટીયા અને તેમના પરીવારે મૃતક દિકરાના અંગદાન કરી સમગ્ર સમાજને ઉત્તર ગુજરાતમાં અનોખી સેવા ચિરસ્થાયી કરી છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર મૃત્યુ પછી ચક્ષુદાન અને દેહદાનની અનેક ઘટનાઓ નોંધાયેલી છે. હવે સમય બદલાયો છે અનેક પરિવારજનો પોતાના સ્વજનના મૃત્યુ પછી અનેક પરિવારોએ ચક્ષુદાન કરી પ્રજ્ઞાચક્ષુઓને નવી દ્રષ્ટિ આપી છે. હિન્દુ શાસ્ત્રોમાં મૃત્યુ પછી શબને અગ્નિદાહ આપવામાં આવે છે પરંતુ મેડિકલમાં અભ્યાસ કરતા છાત્રોને વિદ્યાભ્યાસમાં અનેક વિગતો મેળવવા માટે માનવ શબની જરૂરીયાત હોય છે પરંતુ કેટલીક અંધશ્રદ્ધાના કારણે મેડિકલ કોલેજોને દેહદાન મળતાં ન હતા. પરંતુ હવે અનેક પરિવારો મેડિકલ સ્ટુડન્ટના અભ્યાસ માટે મૃતક સ્વજનોના દેહદાન કરી રહ્યા છે. જોકે આવા સમયે ચક્ષુ અને દેહદાન માંગવા બહુ અઘરાં હોય છે. જાણવા મળ્યા મુજબ મહેસાણાના દક્ષ સમીરભાઈ ભાટીયા બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે કારની ટક્કરે રોડ ઉપર ફંગોળાઈ ગયા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા પરંતુ તબિયત વધુ લથડતાં અમદાવાદ સીવીલમાં ખસેડવામાં આવ્યા. ઈજા ગંભીર હોવાના કારણે આશાસ્પદ યુવાન કોમામાં સરી પડ્યો. જ્યારે પરિવારને કેટલાંક સ્થાનિક તબીબોએ દક્ષના અંગોનું દાન કરવામાં આવે તો અન્ય દર્દીઓના જીવ બચી જશે. દક્ષના માતા-પિતાને વાત કરવામાં આવી તેઓએ અફાટ રૂદન કર્યુ અને હવે પોતાના પુત્ર આ દુનિયામાં નથી તે વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો પરંતુ તેના અંગોના દાનથી અન્ય દર્દીઓને નવજીવન મળતું હોય તો કીડની-લીવર સહિતના અંગોના દાન માટે સહમતિ આપી. ભલે આજે દક્ષ ભાટીયા આ દુનિયા છોડીને ચાલ્યો ગયો પરંતુ તેના અંગોના દાનથી ૩ દર્દીઓને નવજીવન મળ્યું છે. સલામ...સલામ...ભાટીયા પરીવારને પુત્રના અંગોના દાનથી ૩ દર્દીઓને નવી જીંદગી મળી.

# જિલ્લામાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર નજીક આવતાં વિદેશી દારૂની માંગમાં ઉછાળો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર નજીક આવતાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂની માંગમાં ઉછાળો આવ્યો છે. જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લા અને શહેરોમાં થર્ટી ફર્સ્ટના દિવસે ડ્રીંક પાર્ટીઓ યોજવાની તૈયારીઓ સાથે માર્ગો ઉપર વિદેશી દારૂની હેરાફેરી વધી છે. જિલ્લામાં દર વર્ષની જેમ થર્ટી ફર્સ્ટની રાતને રંગીન બનાવવા માટે ખાનગી રીતે ફાર્મ હાઉસ અને હોટલોમાં ડ્રીંક પાર્ટીનાં આયોજન થતાં વિદેશી દારૂની માંગ વધી છે.

**માર્ગો ઉપર વિદેશી દારૂની હેરાફેરી વધી : ફાર્મ હાઉસ અને હોટલોમાં ડ્રીંક પાર્ટીના આયોજન**

જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી પશ્ચિમનો વાયરો ફૂંકાતાં યુવાધન દિવાળી કરતાં પણ વધુ ધામધૂમથી નવા અંગ્રેજી વર્ષની ઉજવણી કરતું હોય છે. ખાસ કરીને વિદાય લેતા વર્ષના અંતમાં થર્ટી ફર્સ્ટની રાત વધુ શાનદાર રીતે ઉજવાતી હોય છે. જિલ્લામાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરને આડે માત્ર ૨ દિવસનો સમય બાકી રહેતાં છેલ્લા દિવસની રંગેચંગે મનાવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લામાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની શાનદાર ઉજવણી વિદેશી દારૂના ઘૂંટડા સાથે થવાની હોવાથી છેલ્લા એક સપ્તાહથી વિદેશી દારૂની માંગમાં વધારો થયો છે. જિલ્લામાં ૩૧ ડિસેમ્બરને કાયમી યાદગાર બનાવવા માટે ફાર્મ હાઉસ તેમજ ખેતરોમાં યુવાધને પાર્ટીઓનાં આયોજન ગોઠવ્યાં છે. થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરના દિવસે પોલીસની ઘોંસ વધી જતી હોવાથી વિદેશી દારૂ મળવો મુશ્કેલ થઈ જાય તે અગાઉ જ વિદેશી દારૂનો સંગ્રહ પાર્ટી આયોજકોએ કરવા માંડ્યો છે. જિલ્લામાં દર વર્ષની જેમ થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરે વિદેશી દારૂની રેલમછેલ થાય તે અગાઉ બુટલેગરોને કમાણીના બખ્ખા પડી ગયા છે. જિલ્લાની સરહદ નજીક દારૂબંધીનો કાયદો લાગુ પડતો ન હોવાથી મોટા ભાગના શરાબ શોખીનો થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરના દિવસે ચોક્કસ હોટલોમાં ડ્રીંક સાથે નવા વર્ષની ઉજવણી કરનાર હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરને અનુલક્ષી પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવાય તે અગાઉ માર્ગો ઉપર વિદેશી દારૂની હેરાફેરી વધી છે.

# કોલ્ડવેવ : જિલ્લામાં મૂંગા પશુ-પંખીઓના જીવન ઉપર ખતરો મંડરાયો

### વન્ય જીવો ઉપર પણ સંકટ ઘેરાયું, વન વિભાગની કોઈ વ્યવસ્થા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી કમોસમી માવઠાના કારણે કોલ્ડવેવની સ્થિતિથી જનજીવનને માઠી અસર પહોંચી છે. બુધવારે લઘુત્તમ તાપમાન પરોઢે ૭ ડિગ્રીએ પહોંચી જતાં પ્રજાએ ફરી એકવાર મોસમના સૌથી ઠંડા દિવસનો અનુભવ કર્યો. ગરમ વસ્ત્રોમાં લપેટાયા હોવા છતાં પ્રજા ઠંડીથી કાંપતી જોવા મળી ત્યારે કોલ્ડવેવની સ્થિતિમાં મૂંગા પશુ-પંખીઓના જીવન ઉપર ખતરો મંડરાયો છે. સવારે કાતિલ ઠંડીના કારણે અનેક પક્ષીઓ ઉડાન ભરી શકતા ન હતા. જ્યારે જંગલ વિસ્તારમાં રહેતા વન્ય જીવો ઉપર પણ કાતિલ ઠંડીનું સંકટ ઘેરાયું છે. વન વિભાગ દ્વારા કાતિલ ઠંડીથી વન્ય જીવોને બચાવવા માટે આજદિન સુધી કોઈ વ્યવસ્થા ઉભી કરાઈ નથી.



કલાઈમેટ ચેન્જના કારણે હવે ઠંડીનો પ્રકોપ પાછલા ૨-૩ વર્ષથી વધી રહ્યો છે. હિમયુગની આહટ સંભળાતી હતી પરંતુ હવે બે દિવસથી પોશીનાથી સાઠંબા સુધીના વિસ્તારમાં ઠંડીનો કહેર ફરી વળ્યો છે તે જોતાં આગામી ૩-૪ દિવસ કાતિલ ઠંડી પ્રજાની આકરી પરીક્ષા લઈ શકે છે. મંગળવાર સમી સાંજથી કાતિલ ઠંડીનું મોજુ ફરી વળતાં રસ્તાઓ સૂમસામ બન્યા હતા. પરોઢના જનજીવનને પણ માઠી અસર પહોંચી હતી. જે પણ કોઈ જૂજ લોકો દેખાયા તે તાપણાં આગળ ગોઠવાયેલા હતા. જે રીતે ઠંડીનું જોર વધી રહ્યું છે અને જંગલ વિસ્તારમાં લઘુત્તમ તાપમાન વધુ બે ડિગ્રી ગગડવાની દહેશત છે. આ સંજોગોમાં વન્ય જીવોના જીવ ઉપર કાતિલ ઠંડી મરણઘાત સાબિત થઈ શકે છે. પરંતુ વન્ય જીવોની હાજરી બાબતે વન વિભાગ અત્યારે પણ અસમંજસ છે અને તેમની સલામતી માટે શિયાળો હોય કે ઉનાળો કે ચોમાસુ કોઈ વ્યવસ્થા થઈ શકી નથી. કાતિલ ઠંડી વધુ પ્રભાવી બને તો વન્ય જીવોના મોત નિપજવાની સંભાવના છે. ત્યારે વન્ય જીવોની સાથે મૂંગા પશુ-પક્ષીઓ જીવન ઉપર ખતરો મંડરાયો છે. કેટલાક માલધારીઓએ દૂધાળા પશુઓને ઠંડીથી રક્ષણ આપવા માટે ઘરેલું નુસ્ખા અપનાવ્યા છે. આગામી દિવસોમાં ઠંડી મૂંગા પશુઓની દૂધ ઉત્પાદન શક્તિને અસર પહોંચાડી શકે છે.

# મોડાસામાં શિવશક્તિ સીડસ અને એગ્રીસેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.ના ઉપક્રમે ખેડૂત સંમેલન યોજાયું

### ૩૦૦થી વધુ ખેડૂતોને મહાલાભ, ઓર્ગેનિક પોટાશયુક્ત ખાતરની ઉપયોગીતા અંગે માર્ગદર્શન અપાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રાકૃતિક ખેતી ઉપર ભાર મુકવામાં આવી રહ્યો છે. દવા મુક્ત ખેતીનો પ્રયોગ શરૂ થયો છે ત્યારે શિવ શક્તિ સીડસ-મોડાસા અને એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.ના સંયુકત ઉપક્રમે વિવિધ વિસ્તારોમાંથી ઉપસ્થિત ૩૦૦ થી વધુ ખેડૂતોને મહાલાભ ઓર્ગેનિક પોટાશયુક્ત ખાતર, પોટેશિયમ સોનાઈટનો કેવી રીતે ઉપયોગ કરવો તે અંગે ઉંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. શિવશક્તિ સીડ્સ એજન્સી, મોડાસાના પ્રબોધભાઈ પટેલ, એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.ના જનરલ મેનેજર વિજેશ ત્રિવેદી, સેલ્સ ઓફિસર મનિષ જાનીની ઉપસ્થિતિમાં યોજાયેલા ખેડૂત સંમેલનમાં મહાલાભ ઓર્ગેનિક ખાતર કેવી રીતે બનાવવામાં આવે છે તેના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા કેવી રીતે જળવાય તે અંગેની ઉંડાણપૂર્વકની સમજ અને ખેડૂતોના પ્રશ્નોના યોગ્ય રીતે જવાબ આપવામાં આવ્યા હતા.



પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાત કૃષિક્ષેત્રે સૌથી વધુ વૃદ્ધિ દર ધરાવતું રાજ્ય છે. ગુજરાતના કૃષિ મોડેલનો સમગ્ર દેશમાં ઉપયોગ થઈ રહ્યો છે. ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતો વળે તેવા સરકાર અને ખેતી વિભાગના પ્રયાસો હવે રંગ લાવી રહ્યા છે. અત્યાર સુધી ખેડૂતોએ કેમિકલ યુક્ત રાસાયણિક ખાતર અને દવાઓનો ઉપયોગ કરતાં તેની માઠી અસર જમીનની ફળદ્રુપતા ઉપર પડી છે અને જમીનમાં સેન્દ્રીય તત્વોની ઉણપ સોઈલ ટેસ્ટ દ્વારા જાણવા મળી છે. ખેડૂતો આધુનિક પ્રાકૃતિક ખેતી અને તેમાં ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ કરે તેવા પ્રયાસોમાં અનેક કંપનીઓ સામેલ થઈ છે. અરવલ્લી જિલ્લાનો ખેડૂત જમીનમાંથી આરોગ્ય માટે હાનિકારક ન હોય તેવી દવા અને ખાતરનો ઉપયોગ કરી પાક ઉપજ મેળવે તેવા પ્રયાસની આગેવાની શિવશક્તિ સીડસ-મોડાસાના સંચાલકોએ લીધી છે. બે દિવસ અગાઉ જિલ્લાના મોડાસામાં એગ્રોસીલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. અને શિવશક્તિ સીડસ-મોડાસાના ઉપક્રમે બટાટાના પાકમાં ડ્રીપ ઈરીગેશનમાં વપરાતાં પોટાશયુક્ત ખાતરનો વપરાશ વિશે પરિસંવાદ યોજી મહાલાભ ખાતર વિશે કંપનીના બિઝનેસ હેડ સુનિલ વૈષ્ણવ દ્વારા માહીતી આપવામાં આવી હતી. રવી પાકમાં બટાટાના પાકમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ એગ્રોસેલનું મહાલાભ ખાતરનો ઉપયોગ થઈ રહ્યો છે અને વાવણીના ૩ અઠવાડિયાથી પાકની પરીપક્વતા સુધી ૮-૧૦ દિવસના અંતરે એક વીઘા જમીનમાં ૫ કિલોગ્રામ ડ્રીપમાં અને ૧૫૦ ગ્રામ એક પંપમાં મહાલાભ ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ કરવા અંગે સમજ આપી હતી. જેમાં પોટાશ, મેગ્નેશિયમ અને સલ્ફરને સંતુલિત માત્રામાં ૧૦૦ ટકા સોલ્યુબલ અવસ્થામાં પાકને પોષણ મળતું હોવાનું જણાયું હતું. ખેડૂત પરિસંવાદમાં ઉપસ્થિત અનેક જાગ્રત ખેડૂતોએ પોતાના મનમાં ઉદભવેલા પ્રશ્નો અને તેનું નિરાકરણ મેળવી સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો.

# નસુરાની કેનપુરકંપા પ્રાથમિક શાળા ખાતે મોડેલ રોકેટરી કાર્યક્રમ યોજાયો

### વિક્રમ.એ.સારાભાઇ કમ્યૂનિટી સાયન્સ સેન્ટર અમદાવાદના તજજ્ઞોની ટીમ દ્વારા કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૨૯

વિક્રમ.એ.સારાભાઈ કમ્યૂનિટી સાયન્સ સેન્ટર અમદાવાદ ના તજજ્ઞોની ટીમ દ્વારા ધનસુરા તાલુકાની કેનપુરકંપા પ્રાથમિક શાળા ધનસુરા માં મોડેલ રોકેટરી કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ નો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં અવકાશ વિજ્ઞાન,મોડેલ રોકેટ,રોકેટ તથા રોકેટના ભાગો વિશે ની સમજૂતી અને જુદા જુદા ઉપગ્રહ તથા ઉપગ્રહની કક્ષકની વિષય ની માહિતી તથા ઉપગ્રહ પ્રસારણ ની સમજૂતી આપવામાં આવી હતી.તેમજ મોડેલ રોકેટ્રી પ્રવૃતિથી, રોકેટ બનાવવું, રોકેટઉડ્ડયનના અને ન્યુટનના - ગતિના સિદ્ધાંતો ની સમજ આપવામાં આવી હતી. જે દરમ્યાન આશરે ૫૦ જેટલા વિદ્યાર્થી ઓ દ્વારા રોકેટ બનાવી તેને ઉડાડવામાં આવ્યા હતા.વિક્રમ.એ. સારાભાઈ કમ્યૂનિટી સાયન્સ સેન્ટર (ફજીઝજીઝ) છેલ્લા ૫૦ વર્ષો થી વિજ્ઞાન અને ગણિત જેવા અઘરા લગતા વિષયો ની ઉત્કંઠા પોષવાનો તેમજ આ વિષયોના રમૂજી અને ગૂઢ તત્વોને વિદ્યાર્થી સમક્ષ ઊભો કરવાનો છે.આ કાર્યક્રમના અંતર્ગત કેનપુરકંપા પ્રાથમિક શાળા ને વિક્રમ.એ.સારાભાઈ કમ્યૂનિટી સાયન્સ સેન્ટર તથા દિગ્ગજ કંપની કોસ્ટવેઈન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા મોડેલ રોકેટરી લોન્ચર ભેટ તરીકે આપવામાં આવ્યું હતું.જેથી તેનો ઉપયોગ કરી આવનાર સમય માં રોકેટ ઉડ્ડયનો કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીમાં અવકાશ વિજ્ઞાન,રોકેટ વિજ્ઞાન અને વિજ્ઞાન ટેક્નોલોજી ની સમજણ કેળવાય.આ કાર્યક્રમ વિક્રમ.એ. સારાભાઈ કમ્યૂનિટી સાયન્સ સેન્ટર અમદાવાદ કરી રહ્યું છે.દિગ્ગજ કંપની કોસ્ટવેઈનનો સહયોગ મળેલ છે. આ કાર્યક્રમ નું સંચાલન પ્રોગ્રામ ઓફિસર સાઈન્ટીસ્ટ Vipin Patel,Rubul Borah,Zeel Patel અને kenpurkampa school Coordinator Pankaj Solanki અને Nilesh Patel દ્વારા કરવામાં આવ્યું હતું.તેમજ શાળા નાં આચાર્ય શ્રી સુમનભાઈ પટેલ એ VSCSC ની ટીમ નું શાબ્દીક સ્વાગત કર્યુ હતું.તેમજ પારુલબેન પટેલ, ભાવનાબેન પટેલ ઉન્નતિબેન પંડયા એ પુષ્પ ગુચ્છ અને પેન આપી આવકાર્યા હતા અને આભાર વ્યક્ત કર્યો હતો વિદ્યાર્થીઓ માં પણ સ્વનિર્મિત રોકેટ બનાવવાનો એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો તેમજ વિજ્ઞાન વિશે નવિન માહિતી પ્રાપ્ત થતાં વિજ્ઞાન પ્રત્યે ની જિજ્ઞાસાવૃતિમાં પણ વધારો કર્યો હતો.



# આધુનિક હથિયાર વગર ફરજ બજાવતી અરવલ્લી પોલીસ

### પોલીસ જવાનો રાયફલ અને લાકડીના સહારે..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

અરવલ્લી જિલ્લામાં પોલીસ વડાની કચેરી કાર્યરત થયા પછી પણ ગૃહવિભાગે આધુનિક હથિયાર ન ફાળવતાં જિલ્લાના પોલીસ જવાનો હાઈટેક હથિયાર વગર ફરજ બજાવી રહ્યા છે. જિલ્લામાં સંભવિત તોફાન સમયે ટોળા ઉપર અંકુશ મેળવવા માટે હાઈટેક હથિયારો ખુબ જરૂરી છે છતાં જિલ્લા પોલીસ એકમાત્ર રાયફલના સહારે સુરક્ષાની જવાબદારી નિભાવી રહી છે. રાત્રિ પેટ્રોલીંગમાં પણ પોલીસ કર્મીઓ આધુનિક હથિયાર વગર ફરજ બજાવતા નજરે પડી રહ્યા છે.

પોલીસ વિભાગે હિંસા અને તોફાનો સમયે ટોળાને કાબુમાં લેવા પોલીસ ફોર્સને મદદરૂપ થાય તેવા હાઈટેક હથિયારો આપવાની જાહેરાતો થાય છે પરંતુ આજદિન સુધી અનેક જિલ્લાઓને આધુનિક હથિયાર અપાયાં નથી. પોલીસ કર્મીઓ છેલ્લા ગણા સમયથી આધુનિક હથિયારની રાહ જોઈને બેઠા છે પરંતુ ગાંધીનગરમાંથી કોઈ નિર્ણય આજદિન સુધી લેવાયો નથી. સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લાની રચના થયાના સાત વર્ષનો સમયગાળો વીતી ગયો છે અને વડા મથક મોડાસા ખાતે જિલ્લા પોલીસ વડાની કચેરી શરૂ કરી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે પરંતુ ખાટલે મોટી ખોડ હોય તેમ હજી સુધી પોલીસ જવાનોને જિલ્લો અલગ થયો હોવા છતાં આધુનિક હથિયાર આપવામાં આવ્યાં નથી. હાઈટેક હથિયારના અભાવે પોલીસ જવાનો અસલામતીના ભાવ વચ્ચે ફરજનું પાલન કરી રહ્યા છે. જિલ્લામાં સંભવિત તોફાનો અને અન્ય હિંસક ઘટનાઓ સમયે આધુનિક હથિયાર પોલીસ માટે ભારે મદદરૂપ સાબિત થાય તેમ હોવા છતાં વિભાગ દ્વારા આધુનિક હથિયારો આપવાનું કોઈ ઠેકાણું જણાતું નથી. જિલ્લામાં આધુનિક હથિયારથી કોઈપણ નુક્સાન પહોંચાડ્યા વગર ટોળાને વિખેરવામાં મદદ મળી શકે તેમ હોવા છતાં અરવલ્લી જિલ્લા પોલીસને હાઈટેક હથિયારો ન ફળવાતાં પોલીસ જવાનો માત્ર પરંપરાગત રાયફલ અને લાકડીના સહારે જિલ્લાની સુરક્ષા સંભાળી રહ્યા છે.

# જિલ્લામાં દૂષિત તત્વોથી જમીનની ફળદ્રુપતા ઘટી: આગામી વર્ષોમાં ઉત્પાદનને અસર થવાની ભીતી

### ખેડૂતોમાં જમીન સુધારણાનો અભાવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાસાયણિક ખાતર અને આડેધડ દવાઓનો ઉપયોગ પાછલા વર્ષોમાં વધતાં ફળદ્રુપ જમીન કસ વગરની બનવા લાગી છે. જિલ્લામાં જમીનની ફળદ્રુપતાને દૂષિત તત્વોની અસર થતાં આગામી વર્ષોમાં પાક ઉપજને માઠી અસર થવાની ભીતી વ્યક્ત થઈ રહી છે. જ્યારે ખેડૂતોમાં જમીન સુધારણાના માર્ગદર્શનનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે.



જિલ્લામાં આધુનિક પદ્ધતિથી અસંખ્ય ખેડૂતો ખેતીમાં આમૂલ પરીવર્તન લાવવામાં સફળ થયા છે. પરંતુ ખેડૂતોનો મોટો વર્ગ આજે પણ વારસામાં મળેલી જમીનમાં પરંપરાગત ખેતી પાકો લણતા હોય છે. ખેતીમાં જમીન સારી હોય તો પાક ઉત્પાદનમાં બમણો ફાયદો થતો હોય છે. જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી ખેતીમાં રાસાયણિક દવાઓ અને ખાતરનો આડેધડ ઉપયોગ થવા લાગતાં ફળદ્રુપ જમીન તેનું નૂર ગુમાવી રહી છે. મોટા ભાગના વિસ્તારોમાં જમીનમાં દુષિત તત્વો વધી જતાં જમીન કસ વગરની બનવા લાગી છે. જિલ્લામાં જમીનો ફળદ્રુપતા ગુમાવતાં આગામી વર્ષોમાં પાક ઉપજને માઠી અસર થવાની દહેશત સેવાઈ રહી છે. રાજ્ય સરકાર ખેડૂતોને આધુનિક પદ્ધતિથી ખેતી કરવા માટે પ્રોત્સાહીત જરૂર કરે છે પરંતુ જમીન સુધારણા બાબતે કોઈ ઠોસ કદમ ન ઉઠાવાતાં મોટા ભાગના ખેડૂતો જમીન સુધારણાના માર્ગદર્શનથી અજાણ બની રહ્યા છે. જિલ્લામાં રાસાયણિક ખાતર અને દવાઓએ જમીનનો દાટ વાળ્યો હોય તે રીતે ફળદ્રુપ જમીનમાં દૂષિત તત્વોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આગામી દિવસોમાં જમીન સુધારણાથી ખેડૂતોને વાકેફ નહીં કરાય તો તેનાં માઠાં પરિણામ ખેડૂતોએ ભોગવવાં પડે તેવું લાગી રહ્યું છે.